## ઋણ સ્વીકાર

આ પુસ્તકના પ્રથમ વાચક આદરણીય, પ્રિય શ્રી સુમન શાહનો આભાર સાથે આનંદ વ્યક્ત કરું છું. તેઓ અમેરિકા હોવાથી પ્રવેશીકા લખવા બાબતે હું સાશંક હતી. પણ, તેઓએ મેં મોકલાવેલી ડિજિટલ ફાઇલ સાથે મુશ્કેલ હોવા છતાં ઘણાં પ્રેમથી આ કામ કર્યું. એટલું જ નહીં, તેઓએ ઘણી ચીવટ પૂર્વક જોડણી તથા અનુસ્વરોની ભૂલો સુધારી મને આખી ફાઇલ પરત મોકલી આપી. એમની આ નિષ્ઠા, ખંત અને પ્રેમ માટે હું સદા એમની ઋણી છું.


## આભાર સ્વીકાર

આ કાવ્ય સંગ્રહના મોટા ભાગના કાવ્યો જ્યાં પ્રકાશીત થયાં છે એવા કવિલોક, પરબ, નવનીત સમર્પણ, એતદ્દ, કવિતા, શબ્દસર, શબ્દસૃષ્ટિ, સમીપે, બુદ્ધિપ્રકાશ, વહી, ઉહાપોહ વગેરે સામયિકો તથા એમના સંપાદક શ્રી દિપક દોશી, યોગેશ જોષી, ધીરુ પરીખ, કિરીટ દુધાત, કમલ વોરા, રાજેન્દ્ર પટેલ, નિસર્ગ આહીર, રમેશ પુરોહિત, કાનજી પટેલનો આભાર માનું છું. સામયિકોમાં કાવ્ય વાંચીને મેસેજ, ફોન કે પત્રો થકી મારો ઉત્સાહ વધારનારા કેટલાક અજાણ્યા, તો કેટલાક પરિચીત એવા વાચકોનો ખાસ ખાસ આભાર.


## સ્નેહ સ્મરણ

મારા બે કાવ્યો મરાઠી વાચકો સુધી લઇ જનાર અનુવાદક સ્નેહી મિત્ર અશ્વિની બાપટને, મિત્ર વિપુલ વ્યાસને તથા સમસંવેદન કવયિત્રી પ્રિય મનીષા જોષીને અને મિત્ર અલવીદાને આ ઘડીએ સ્નેહ સ્મરણ.

# અનુક્રમ


1. પ્રિય નદી... ------------ 1
2. મરશિયા ગાતી સ્ત્રીઓ ---- 3
3. ગાયળ --------------- 5
4. રસ્મે ઉલ્ફત ----------- 8
5. જાદુગર ------------ 10
6. કલ્પવૃક્ષ ------------ 16
7. પ્રિય મધુમાલતી-------- 18
8. પ્રિય ગુફા ----------- 19
9. ભૂખ -------------- 21
10. અજાણી ગંધ --------- 22
11. તળાવમાં... ---------- 25
12. વાળનું વરદાન -------- 27
13. મેસ્ટ્રો -------------- 29
14. લવ બોમ્બિંગ (પ્રેમતાડન)-- 31
15. કૅલિડોસ્કોપ ---------- 33
16. સિયાસત----------- 36
17. કેટલાંક લઘુકાવ્યો ------ 37
18. શિકારી------------- 39
19. એક ચિત્ર ----------- 40
20. અંધારું ------------- 41
21. કવિ, તમને...! -------- 48
22. કુહાડીકાવ્યો----------- 52
23. નદી અને ગામ-------- 53
24. એક ક્ષણ ----------- 54
25. સાત શૃંગાર----------- 55
26. એક ટુકડો સમય------- 56
27. મૌન--------------- 57
28. થોર--------------- 59
29. ટોળું અને સત્ય-------- 60
30. પડછાયાનાં સાત કાવ્યો--- 62
31. ઓ પુરુષ... ---------- 64
32. ઓડકાર ------------ 66
33. પપ્પા ઓગળી રહ્યા છે!--- 68
34. ચુંબનો ------------- 72
35. અમૃતા પ્રીતમ માટે... --- 74
36. ચૉકલેટ------------- 75
37. હું લખવાનો વિચાર કરું અને... ------------ 76
38. વિદ્રોહની કવિતા ------- 77
39. પંખીઓ... ----------- 78
40. માયાવી જાદુગર ------- 79
41. કાગડા તો બધેય..------ 80
42. રિક્તતા------------- 81
43. અક્ષરો ------------- 83
44. અંતિમ ઈંટ ---------- 86
45. માફી -------------- 87
46. પાંજરું-------------- 88
47. તળાવ-------------- 89
48. મસ્તી ------------- 90
49. કૂંડાળું------------- 91
50. શૂન્ય -------------- 92
51. બીમાર માછલી ------- 93
52. શોક--------------- 94
53. ઉજ્જડતા------------ 95
54. આગ -------------- 96
55. વચન -------------- 97
56. તારું નામ લેતાં જ ------ 98
57. રંગસૂત્રોની જોડી...------ 99
58. તારી વ્યસ્તતા-------- 100
59. પ્રસવપીડા ---------- 101
60. ભીંત ઉપર---------- 102
61. 'હું' -------------- 103
62. હું એક વાર્તા...------- 106
63. પ્રવાસ------------- 109
64. ઘરઘટલો----------- 111

# ૧. પ્રિય નદી...

આ નદી, મને અત્યંત પ્રિય છે.
પર્વત, દરિયો, ચાંદ-તારાથી, મારાથી પણ વધુ પ્રિય.

નદીના ગર્ભમાં આકાર લઈ રહ્યો છે - મારો પ્રેમી...!
એનો ધીમો ધીમો ઉછેર - ફક્ત હું જોઈ શકું છું.
એનો પિંડ બન્યો છે - પૂર્વપ્રેમીઓનાં ખરી પડેલાં
અંગોમાંથી.

મારી નાડ પારખીને કોઈ ઉપચાર કર્યા વિના
પથારીવશ છોડી દેનાર વૈદ્યના કપાઈ ગયેલા હાથમાંથી,
મારી ડાળીઓ પરથી ફૂલ તોડી પોતાની પ્રેમિકાના
કેશ સજાવતી વખતે ખરી પડેલી આંગળીઓમાંથી.

હું તો ઊંઘી ગયેલી - વૃક્ષના ખોળામાં નિરાંતે;
મારું માથું ધૂળમાં સરકાવીને ભાગી ગયેલા
એ મનુષ્યના તૂટેલા પગમાંથી,
મારી આંખોનો અગ્નિ ન ઠારી શકેલા
અગ્નિશામકધારી ખભાના કાટમાળમાંથી,
મારા વિલાપ પર આંસુનું એક ટીપું પણ
ના વહાવી શકેલી આંખોની કરચમાંથી,
મારા કપાળ પરથી ચુંબનો ભૂંસી –
પડછાયાને નોખો કરી, મને અંધકારમાં ધકેલી દેનાર
શરીરની રાખમાંથી બન્યો છે - એનો પિંડ.

ધીમે ધીમે આકાર પામી રહેલા
એના દેહને ફક્ત હું જોઈ શકું છું.
હું રાહ જોઈ રહી છું એના જનમવાની.

કોઈ તોફાની રાતે ગોરંભાયેલું આભ છેવટે તૂટી પડશે.

નદીને ઊપડશે પ્રસૂતિ-પીડા.
નદી મને બોલાવશે – ચીસ પાડીને.
ઉછાળા લેતું જળ બની જાશે શેષનાગનું છત્ર.
કોઈ પ્રકાશશલાકા નીચે ઊતરી આવશે આકાશમાંથી,
નદીના ધસમસતા પ્રવાહમાં બનાવશે - એક છિદ્ર;
જ્યાંથી એ આવશે ગર્ભની બહાર...
અને હાથ લંબાવશે મારી તરફ –
મારો અંતિમ પ્રેમી...!